# એલાન
The Clarion Call

અંક ૪ | અંગત વિતરણ માટે | વર્ષ: ૧. નવેમ્બર ૨૦૦૯


**વિશેષ**

# બે ભારત
## એકનુ બીજા સામે યુધ્ધ

**ડો. મુકુલ સિન્હા**



છેલ્લાં કેટલાંક સમયથી આપણાં વડાપ્રધાન દેશવાસીઓને એવું સમજાવવા માંગે છે કે “માઓવાદી” ભારતની સુરક્ષા સામે ખુબ જ ખતરારૂપ છે. આપણે વડાપ્રધાનશ્રીને પુછવાની જરૂર છે કે તેઓ કયા ભારતની વાત કરે છે? એ ભારત કે જે વૈશ્વિકરણનાં યુગમાં છેલ્લા બે દાયકામાં ખુબ જ ધનવાન બની ગયું છે? કે પછી એ ભારત જેને બે ટંક રોટલો પણ નથી મળતો?

તાજેતરમાં જ પ્રકાશિત UNDPનાં અહેવાલમાં ભારતની ગરીબી ઉપર ફરી એકવાર ભાર મુકવામાં આવ્યો છે. વિશ્વનાં ૧૮૨ દેશોનાં “માનવ વિકાસ” દર્શાવતા આંકડાઓ ઉપર નજર નાખતાં જણાય છે કે આ વર્ષે ભારતનો ક્રમ ૧૩૪મા સ્થાને છે. ગયા વર્ષે એટલે કે ૨૦૦૮માં ભારતનું સ્થાન ૧૨૮ના ક્રમે હતું, જ્યારે વર્ષ ૨૦૦૭માં ભારતનો માનવ વિકાસ દર્શાવતો ક્રમ ૧૨૬મા સ્થાને હતો. વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી શ્રી અમર્ત્ય સેને પણ જણાવ્યું છે કે વૈશ્વિકરણ અને ખાનગીકરણની હોડમાં ભારતનો ગરીબ નાગરિક વિકાસની પરિભાષામાંથી ક્યાંય દૂર ફેંકાયી ગયો છે.

સરકાર દ્વારા જે કોઇ યોજનાઓ કે પ્રોજેક્ટો હાથ ધરવામાં આવે છે તેમાંથી મોટા ભાગની યોજનાઓ મધ્યમ વર્ગને જ ધ્યાનમાં રાખીને ઘડવામાં આવે છે. ગરીબોની કહેવાતા “હિત”માં જે કાંઇ વિચારવામાં આવે છે અથવા કાગળ ઉપર જે કોઇ યોજનાઓ ઘડવામાં આવે છે, તેમાંથી મોટા ભાગનો હિસ્સો વચેટિયા ભ્રષ્ટાચારીઓ દ્વારા ચવાઈ જાય છે અને ગરીબોનાં હાથમાં ભાગ્યે જ એકાદ ટૂકડો આવે છે. માનવ-વિકાસ દર્શાવતા સૂચક-આંક તૈયાર કરતી વખતે શિક્ષણ, આરોગ્ય, વ્યક્તિગત આવક વિગેરે બાબતો ઉપર આધાર રાખવામાં આવે છે. આ ત્રણેય બાબતોમાં ભારત ખૂબ જ પાછળ છે-એટલે સુધી કે આપણાં પડોશી દેશો ભૂતાન અને શ્રીલંકાની સરખામણીમાં પણ ભારત ખૂબ જ પછાત છે. જાહેર આરોગ્ય વિશે વાત કરીએ તો ભારતમાં દર વર્ષે પાંચ વર્ષથી નીચેનાં ૨૦ લાખ બાળકો મૃત્યુ પામે છે, જેમાંથી ૨૮% બાળકો ફક્ત પીવાનાં પાણીનાં અભાવે મૃત્યુ પામે છે.

આપણાં દેશમાં “ગરીબી રેખા”ની આકરણી ખોરાકમાંથી પ્રાપ્ત કેલરીનાં આધારે થાય છે. જે લોકો ૨૧૦૦થી ૨૪૦૦ કેલરી સુધીનો ખોરાક મેળવી શકે છે, તેવા લોકોને તેવા લોકોને “ગરીબી રેખા”ની બહાર ગણવામાં આવે છે. આ માપદંડનાં આધારે આયોજન પંચનાં સર્વેક્ષણ મુજબ ૨૮.૫% લોકો ગરીબી રેખાની અંદર છે. પરંતુ ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા શ્રી એન.સી. સક્સેનાની અધ્યક્ષતા હેઠળ રચવામાં આવેલ સમિતિની ગણતરી પ્રમાણે ગરીબી રેખાની અંદર આવતા લોકોની ટકાવારી ૫૦% છે.

૨૧૦૦ કેલરી સુધીનો ખોરાક મેળવવા માટે શહેરમાં રૂ.૧૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૭૦૦ ખર્ચવા પડે. આયોજન પંચે આ આંકડા અનુક્રમે રૂ. ૫૩૫ અને રૂ. ૩૫૬ અંદાજ્યા છે. આમ, સરકાર જે ગુલબાંગો ફૂંકે છે કે વૈશ્વિકરણનાં પરિણામે ૧૯૯૯ બાદ ગરીબીની ટકાવારી ઘટી છે. તે દાવો તદ્દન ખોટો સાબિત થાય છે.

ગુજરાત તેમજ મહારાષ્ટ્ર જેવા “વિકસિત” રાજ્યોમાં લાખો ખેડૂતોએ આત્મહત્યા કરી છે. તે હકિકત સરકારનો દાવો પોકળ છે તે સાબિત કરવા માટે પૂરતો છે.

બીજી તરફ નજર નાખીએ તો દેખાય છે કે ટાટા, અંબાણી જેવા કેટલાક મુઠ્ઠીભર મૂડીપતિઓ દિન પ્રતિદિન વધુને વધુ ધનવાન બનતા જાય છે, તેમની સંપત્તિ વધતીને વધતી જ જાય છે. વૈશ્વિકરણે ફક્ત ટાટા-અંબાણી જેવા મૂડિપતિઓને જ વધુ ને વધુ ધનવાન બનવામાં મદદ કરી છે.

ઉપરોક્ત હકિકત અને આંકડાઓને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા વ્યક્ત કરવામાં આવેલ “માઓવાદી” તરફથી કહેવાતો “ખતરો” અને “ભય” સમજવાનો પ્રયાસ કરીએ. એવું કહેવામાં આવે છે કે “માઓવાદી” એટલે કે ૫૦૦૦થી વધુ સંખ્યા ધરાવતા ઉગ્રવાદી જેમની પાસે હથિયાર-દારૂગોળો વિગેરે ઉપલબ્ધ છે. શું એવું માની શકાય કે ભારત જેવું શક્તિશાળી રાષ્ટ્ર, જેમની પાસે અત્યાધુનિક શસ્ત્રો ધરાવતા લાખોની સંખ્યામાં સૈનિકો, લશ્કરી દળો, અર્ધ-લશ્કરી દળો, પોલિસ દળો વિગેરે ઉપલબ્ધ છે, તેવા રાષ્ટ્રને મુઠ્ઠીભર સશસ્ત્ર ઉગ્રવાદી તરફથી ખતરો કે ભય રહેલો છે?

જ્યારથી શ્રી પી.ચિદમ્બર ભરતનાં ગૃહમંત્રી બન્યા છે ત્યારથી “માઓવાદી” વિરૂદ્ધ યુદ્ધનાં ભણકારા વધુ ઉગ્ર બન્યા છે અને આ હકિકતને યોગાનુયોગ ઘટના ન કહી શકાય. આ તબક્કે યાદ આપાવવું જરૂરી છે કે શ્રી પી. ચિદમ્બરમ ગૃહમંત્રી બનતા પહેલા વેદાંત ગૃપ ઓફ કંપનીઝનાં બોર્ડ મેમ્બર તેમજ કાનૂની સલાહકાર રહી ચુક્યા છે. સ્ટરલાઈટ કંપની મારફતે વેદાંત ગ્રુપ ઓફ કંપનીઝ, છત્તીસગઢ રાજ્યમાં ઘણાં મોટા પ્રમાણમાં ખાણો તેમજ ખનીજ સંપત્તિનો ઈજારાશાહી હિત ધરાવે છે. દા.ત. બાલકો. ભૌગોલિક યોગાનુયોગ પણ એવો જ છે કે જે જમીનની નીચે કિંમતી ખનીજ સંપતિ સમાયેલી છે, તે જમીન જંગલ વિસ્તારમાં આવેલી છે જ્યાં આદિવાસીઓ વસવાટ કરે છે, જેઓને ખદેડીને ખનીજ સંપત્તિ લૂંટવાનો બદ્દઈરાદો આ કંપની ધરાવે છે અને આ બદ્દઈરાદા સામે સંઘર્ષ કરતા આદિવાસીઓને સમર્થન આપનારાઓને “માઓવાદી” કહેવામાં આવે છે.

હવે ખુબ સહેલાઈથી સમજાઈ જશે કે આપણા રાષ્ટ્રીય રખેવાળોને પેટમાં ક્યાં દૂખે છે. ખરેખર તો કહેવાતા “માઓવાદી”થી રાષ્ટ્રને કોઇ જ ખતરો કે ભય નથી અને આપણાં રાષ્ટ્રીય નેતાઓને ઉગ્રવાદીની સહેજે ચિંતા પણ નથી. તેમની બાજ નજર એ જમીન ઉપર છે અને જેની નીચે પુષ્કળ પ્રમાણમાં કિંમતી ખનીજ સંપત્તિ સમાયેલી છે અને જેની ઉપર આદિવાસીઓ વસવાટ કરે છે, જેમનાથી તેઓ ડરે છે. માઓવાદીઓની હિંસાત્મક લડતને અમે સમર્થન આપતા નથી પરંતુ સરકારના અભિગમ સાથે અમે જરાય સહમત નથી. સરકાર જે દાવો કરે છે કે રાષ્ટ્રને “માઓવાદી” તરફથી ખૂબ જ ભય અને ખતરો રહેલો છે, તે દાવામાં સહેજ પણ તથ્ય નથી. આ કોઇ સેના દ્વારા બીજી સેના ઉપર આક્રમણ નથી પરંતુ ખનીજ-સંપત્તિ લૂંટવાના બદ્દઈરાદાથી જાહેર કરવામાં આવેલ ગરીબો સામે યુદ્ધ છે. ■

# ભગવો ફિક્કો પડી રહ્યો છે

છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં ભગવા રંગે ખૂબ જ ખરાબ દેખાવ કરેલ છે. લોકસભા ચૂંટણીઓ સંઘ પરિવાર માટે વિનાશકારી સાબિત થઈ છે અને તેના પરિણામે, ભાજપમાં જશવંતસિંઘની બરતરફી સહિતનો ઉત્પાત મચી ગયેલ છે. મહારાષ્ટ્ર, અરૂણાચલ અને હરિયાણા વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોથી તો પરિસ્થિતિ વધુ વિકટ બનેલ છે. બીજેપી અને શીવસેના, બંનેની તાકાત મહારાષ્ટ્રમાં નબળી પડતી જણાઈ છે. અલબત્ત, અન્ય બે રાજ્યોની ચૂંટણીને આ બંને પક્ષો સાથે કશી લેવા-દેવા નથી.

સામાન્ય રીતે ચૂંટણીનાં પરિણામોનાં આધારે કોઈ પણે એવા કોઈ સ્પષ્ટ નિષ્કર્ષ પર આવવું મુશ્કેલ છે, કેમકે ચૂંટણીઓમાં મતદારોને બહુ જ મર્યાદિત વિકલ્પ ઉપલબ્ધ હોય છે-દર પાંચ વર્ષે શાસક પક્ષને બદલવાનો વિકલ્પ. પરંતુ મહારાષ્ટ્રનાં ચૂંટણી પરિણામોને એટલી સાહજીકતાથી પણ લઈ શકાય નહીં. ગત પાંચ વર્ષમાં એકબાજુ કોંગ્રેસ-એનસીપીનો ગેરવહીવટ અને બીજી તરફ બે ભગવા પક્ષો, બીજેપી-શીવસેના બહુમતિ લોકોને કોમવાદ-પ્રદેશવાદ આધારે પોતાના તરફ ખેંચવાનો પ્રયત્ન, આ પરિસ્થિતિમાં બીજેપી-સેના જાકારો આપતાં ચૂંટણી પરિણામો ખરેખર આશ્ચર્યજનક છે. રાજસ્થાન વિધાનસભા સહિતની છેલ્લી કેટલીક ચૂંટણીઓમાંથી એક સ્પષ્ટ સંદેશ મળી રહ્યો છે- બહુમતિ લોકોને ચીરકાળ સુધી મુરખ બનાવી શકાશે નહીં. ■

તંત્રી સ્થાનેથી

# “ડાબેરી કટ્ટરવાદ” - એક વૈચારિક અરાજકતા

વડાપ્રધાનશ્રીની એ ઘોષણા કે, “સીપીઆઈ (માઓવાદી) દેશની સુરક્ષા માટે ગંભીર ખતરો છે.”, સાથે અમો સંપૂર્ણ રીતે અસહમત છીએ તેવી જ રીતે “ક્રાંતિ”ના નામે માઓવાદીઓની હિંસક પ્રવૃતિઓ સાથે સહમત થવું પણ અમારા માટે એટલું જ મુશ્કેલ છે. તાજેતરની મહારાષ્ટ્ર રાજ્યની અને અન્ય રાજ્યોની પેટા ચૂંટણીનાં બહિષ્કારનું એલાન અને હિંસક પ્રવૃતિઓ દ્વારા ભંગાણ પાડવાનું વલણ વૈચારિક અરાજકતાનું દર્શન કરાવી જાય છે. પક્ષની નેતાગીરીએ આ મુદ્દે કદાચ લેનીન જ વૈજ્ઞાનિક કામગીરીનું અધ્યયન કરવું જોઈએ. પશ્ચિમમાં રશિયન ક્રાંતિનાં સમર્થકોને સંબોધીને લખેલ લેનિનની એક મહત્વની કૃતિ “Left-Wing” Communalism : An Infantile Disorder” એવા શીર્ષક હેઠળ વામ પંથનું વિવેચન કે જે દ્વારા વામ પંથીઓ તેમના પ્રદેશની ચોક્કસ પરિસ્થિતિને ધ્યાનમાં લીધા સિવાય રશિયન ક્રાંતિનું અનુકરણ કરવા મથી રહ્યાં હતાં તે અંગે છે. માઓવાદીઓ પણ ચીની ક્રાંતિનું અનુકરણ કરીને આવી રીતે જ વર્તી રહ્યા છે.

માર્કસીસ્ટોની ફરજ છે કે, રાજકીય પરિસ્થિતિનો સમજે અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનાં વિકાસ માટે, સમાજનાં અન્ય સ્તરોનાં ઈરાદાઓ અને આકાંક્ષાઓને સમજે અને પરિવર્તન કેવી લાવવું તે વિશે વિચારે નહીં કે માત્ર ઝનૂની લડાઈ. આ સમગ્ર-વિષે ડાબેરી કાર્યકરોને શિક્ષિત કરવાની પણ જરૂર છે. જેથી કરીને સમગ્ર કામદાર વર્ગમાં આત્મવિશ્વાસ વધે અને સબળ બને. એકતા અને સ્વ-ચેતના જાગૃત થાય. માઓવાદીઓએ (એમએલ), શબ્દ પ્રયોગ પડતો મુક્યા બાદ માર્કસ અને લેનીનનાં આ મૂળભૂત બોધપાઠને ભૂલી ગયા હોય તેવું લાગે છે. ■

સમાચાર

# જેટ એરવેઈઝના પાયલોટોનો ઉડયનનો હળતાળ

**(ટીયુસીઆઈનાં સંજય સીંઘવીનો અહેવાલ)**

ગત વર્ષે ડીસેમ્બર મહિનામાં જેટ એરવેઈઝનાં સંચલકોએ તમામ કક્ષાનાં કામદારોને સ્વૈચ્છિક રીતે પગાર-ભથ્થાંમાં કાપ સ્વીકારવા આહ્વાન કરેલ. અમુક કક્ષાનાં કામદારોએ તેનો સ્વીકાર કરેલ. જેટ એરવેઈઝનાં પાયલોટો (વિમાન ચાલકો) એ વખતે ભારતીય વિમાન ચાલકો, પાયલોટોનાં કલ્યાણ માટે રચેલ મંડળી નામે સોસાયટી ફોર ધ વેલ્ફેર ઓફ ઈન્ડિયન પાયલોટ્સ (SWIP) હેઠળ સંગઠીત હતાં. સ્વીપે મેનેજમેન્ટને જણાવેલ કે જો વિદેશી પાયલોટો (વિમાન ચાલકો)ને દુર કરવામાં આવે તો પાઈલોટો પગાર ભથ્થામાં વાજબી કાપ સ્વીકારવા તૈયાર છે. જેટ એરવેઈઝ બન્ને ભારતીય અને આંતર-રાષ્ટ્રીય વિમાન ચાલકોની ભરતી કરે છે. પણ તેઓ ભારતીય વિમાન



**નરેશ ગોયલ**, ચેરમેન, જેટ એરવેઈઝ

ચાલકોને જે રકમ ચુકવે છે તેનાથી લગભગ બમણી રકમ વિદેશી વિમાન ચાલકોને ચુકવે છે.

અલબત્ત, મેનેમેન્ટે એવો દાવો કરીને કે સ્વીપ એ માત્ર કલ્યાણ સંસ્થા છે અને તે પાયલોટો વતિ વાટા-ઘાટો કરી શકે નહીં, સ્વીપ સાથે ચર્ચા-વિચારણા અંગે નકાર કરેલ જેટ મેનેજમેન્ટને વધુમાં એક પક્ષિય રીતે આગળ વધીને પાયલોટોના ભથ્થાઓમાં ઘટાડો કરેલ કે જેથી પાયલોટોનાં ભથ્થામાં ૪૦% ઘટાડો થવા પામેલ. આ પગલાનાં જવાબરૂપે વિમાન ચાલકો એ સંગઠિત થવાનો અને યુનિયન બનાવવાનો નિર્ણય કરેલ.

સંચાલકોને યુનિયનની રચનાની જાણ થતાં તુરત ૨૯ જુલાઈ ૨૦૦૯નાં રોજ સંગઠનનાં સામાન્ય મંત્રી અને સહમંત્રીને બરતરફ કરી દેવાયા. સંગઠને તારીખ ૨૨મી ઓગષ્ટ ૨૦૦૯નાં રોજ સ્ટ્રાઈક નોટિસ (હડતાલનું એલાન) આપી, માંગણી કરી કે બરતરફ કરાયેલ પાયલોટોને તત્કાલ ફરજ પર લઈ લેવામાં નહીં આવે તો ૭મી સપ્ટેમ્બર ૨૦૦૯થી હડતાલ પાડવામાં આવેશે.

૭મી સપ્ટેમ્બર ૨૦૦૯ની મધ્ય રાત્રીએ જેટ એરવેઈઝનાં વિમાન ચાલકોએ ભાગ્યે જ જોવા મળતી એકતા સાથે માંદગીની રજાઓ મુકવાની શરૂઆત કરી. સમગ્ર વિમાન વ્યવસ્થા ખોરવાઈ ગઈ. પાંચ દિવસની સંપૂર્ણ હડતાલ પછી વિમાન ચાલકોએ સમાધાન કર્યું. જેમાં બરતરફ કરાયેલ ચાર વિમાન ચાલકોને (વચ્ચેનાં સમયગાળામાં વધુ બે પાયલોટોને બરતરફ કરવામાં આવ્યા હતા તે સહિત) પુનઃ સ્થાપિત કરવામાં આવ્યાં.

જીએફટીયુ જેટ એરવેઈઝનાં વિમાન ચાલકોને તેમની લડાયક ચળવળ બદલ સલામ કરે છે. ■

# ફર્ઝિ એન્કાઉન્ટરના મુદ્દે સંમેલન




જામીઆ શિક્ષકોના એકતા જુથ (જેટીએસજી) દ્વારા તારીખ ૧-૧૦-૨૦૦૯નાં રોજ જામીઆ મીલા યુનિવર્સિટી-દિલ્હી ખાતે, ઘણાં રાજ્યોનાં પોલિસ શાસન દ્વારા કરેલા આતંકવાદીઓનાં કહેવાતા ફર્ઝિ એન્કાઉન્ટરના પગલાઓનાં વિરોધમાં એક સંમેલન યોજાયુ હતું.

આ બેઠકને ન્યાયમૂર્તિશ્રી સચ્ચાર તેમજ બન્ને માનવ અધિકાર પ્રવૃતકો તેમજ રાજકીય નેતાઓ દ્વારા સંબોધવામાં આવી હતી. આ બેઠકનું આયોજન બાટલા હાઉસ એન્કાઉન્ટરનાં બનાવના એક વર્ષ પુરું થયાનાં સંદર્ભે યોજાયેલ કે જેમાં બે યુવકો અને એક પોલિસનું મૃત્યુ નિપજેલ.

આ બેઠકમાં બાટલા હાઉસ એન્કાઉન્ટરની બીનામાં ન્યાયિક તપાસની માંગણીનો પુનરોચ્ચાર કરવામાં આવેલ. જનસંઘર્ષ મંચનાં પ્રતિનિધિએ પણ આ બેઠકને સંબોધેલ. ■

# પશ્ચિમ બંગાળમાં ભાજપ-સીપીએમ જોડાણ



તારીખ ૧૨-૧૦-૨૦૦૯નાં બક્ષિરહાટ પંચાયતનાં પ્રમુખની યોજાયેલ ચુંટણીમાં, ભાજપનાં ઉમેદવાર માધવી પ્રધાન, સીપીએમનીનાં સભ્યોના ટેકાથી વિજયી થયા. કોંગ્રેસ અને ત્રિણમુલ કોંગ્રેસ, એ વાત સમજાઇ જતાં કે સીપીએમ-ભાજપી સંયુક્ત મોરચાનું સંખ્યાબળ તેમનાં કરતાં વધુ હતું, ચુંટણીનો બહિષ્કાર કર્યો. જેમ જેમ સીપીએમ, ત્રિણમુલ કોંગ્રેસ દ્વારા પશ્ચિમ બંગાળમાં ખુણામાં ધકેલાતું જાય છે તેમ તેમ તેણે ઉમેદવારને હરાવવા માટે અન્ય રાજકીય પક્ષનાં ઉમેદવારને સમર્થન કરવાનું અસાધારણ, ગેરસિદ્ધાંતિક વલણ અપનાવેલ છે.

તાજેતરમાં સિલિગુરી નિગમનાં નગરપતિ (મેયર)ની ચુંટણીમાં સીપીએમ એ કોંગ્રેસનાં ઉમેદવારને હરાવેલ. બીજેપીનાં ઉમેદવારને સમર્થનને વાજબી ઠેરવતા બક્ષિરહાટ ઝોનલ સમિતિનાં પ્રમુખશ્રી ધનંજય રાણાએ જણાવેલ કે ત્રિણમુલ દ્વારા આચરવામાં આવેલ હિંસાનો મુકાબલો કરવા અમોએ બાજેપી ઉમેદવારને સમર્થનનો નિર્ણય કરેલ. ૨૯ સભ્યોની પંચાયતમાં પક્ષવાર સ્થિતિ પ્રમાણે સીપીએમ-૧૦,- ત્રિણમુલ-૮, બીજેપી-૮, કોંગ્રેસ-૨ અને અપક્ષ-૨ની છે. ■

ARTICLE

# પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે

## માઓવાદના પતનની ઉજવણી

**ડો. મુકુલ સિન્હા**

હાલનાં તબક્કે એક તરફ જ્યારે ભારત સરકારે માઓવાદી સામ્યવાદી પક્ષ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે અને માઓવાદ સામે ખુલ્લેઆમ યુદ્ધ જાહેર કર્યુ છે, ત્યારે બીજી તરફ ૧લી ઓક્ટોબર ૨૦૦૯નાં રોજ ચીનની ક્રાંતિકારી સ્વતંત્રતાની ૬૦મી વર્ષગાંઠ નિમિત્ત ક્રાંતિનાં મુખ્ય સૂત્રધાર માઓત્સે તુંગનાં વિશાળ ફોટાઓ લહેરાવીને રેલી કાઢવાનું ચીનની સરકારને આ વર્ષે મુનાસીબ લાગ્યુ. આશ્ચર્યની વાત તો એ છે કે માઓના હુલામણા નામથી ઓળખાતા ચીનના ક્રાંતિકારી નેતા માઓ-ત્સે-તુંગ મર્યા પછી ભારતમાં હજી પણ જીવે છે, જ્યારે ચીનમાં તેઓ ફક્ત નામશેષ મુર્તિમંત સ્વરૂપે છે. આ કટ્ટર વિરોધાભાસને સમજવા માટે ચીનની ઐતિહાસિક "સાંસ્કૃતિક ક્રાંતિ", જેના પરિણામે આધુનિક મુડીવાદી ચીનનાં સંસ્થાપક એવા ડેંગઝિયાઓ પેંગનો ઉદ્દભવ થયો, તે ક્રાંતિનાં મૂળ ઈતિહાસ ઉપર નજર નાખવી જરૂરી છે.




ચીનનાં ઇતિહાસમાં ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૪૯નો દિવસ ખરેખર વિજયનો દિવસ હતો. આ દિવસે ચીનનાં ખેડૂત વર્ગે માઓની આગેવાની હેઠળ રાજાશાહી સત્તાને જડમૂળથી ઉખેડીને પિપલ્સ રિપબ્લિક ઓફ ચાઇનાની સત્તાની સ્થાપનાની ઘોષણા કરી હતી. તે સમયે સોવિયેત યુનિયન ચીનનો સૌથી ગાઢ મિત્ર દેશ હતો, પરંતુ સોવિયેત યુનિયનના નેતા સ્ટેલીનના અવસાન બાદ નિકિતા ક્રુશ્ચેવએ સત્તાનાં સુત્રો સંભાળ્યા અને ત્યાર બાદ સોવિયેત યુનિયન અને ચીનની મૈત્રીમાં ભંગાણ પડ્યું. નિકિતા ક્રુશ્ચેવ હંમેશા માઓની સતત ટીકા કરતા હતા. તારીખ ૧૮મી જુલાઈ ૧૯૫૯ના રોજ પોલેન્ડના પોઝન શહેરમાં યોજાયેલ જાહેર કાર્યક્રમમાં નિકિતા ક્રુશ્ચેવે માઓની ઉપર ખુલ્લેઆમ આક્રમક પ્રહાર કરતા ભાષણ કર્યુ હતું. તે સમયે ચીનના તે વખતનાં સંરક્ષણ પ્રધાન, માર્શલ પેંગ તે-હ્યુઆઈએ પણ માઓની નીતિઓ અને તેમની સામ્યવાદી કામગીરીનો વિરોધ કરતા ભાષણો કર્યા હતા. માઓની નીતિઓ સામે નિકિતા ક્રુશ્ચેવ અને પેંગ તે-હ્યુઆઈનો એક જ સમયે અને એજ સાથે વિરોધ સ્વાભાવિક યોગાનુયોગ ઘટના ન હતી. તે સમયે ચીનના સામ્યવાદી પક્ષ પાસે સંરક્ષણ પ્રધાન માર્શલ પેંગ તે-હ્યુઆઈને હોદ્દા પરથી દૂર કર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. આ સંરક્ષણ પ્રધાનની બરતરફી ચીનની ઐતિહાસિક સાંસ્કૃતિક ક્રાંતિની શરૂઆત માટે ખૂબ જ મહત્વની ઘટના હતી.

... પાના નં. ૪

અનુસંધાન પાના નં. ૩

# માઓવાદના પતનની ઉજવણી



સને ૧૯૬૪નાં અંત સુધીમાં ચીનનો સામ્યવાદી પક્ષ બે ભાગમાં વહેંચાઇ ગયો. એક ભાગ જેણે ક્રાંતિકારી માર્ગ અપનાવ્યો હતો તેની આગેવાની માઓ ત્સે-તુંગે લીધી, જ્યારે બીજો ભાગ જે સોવિયેત યુનિયન તરફી હતો અને જે ચીનની અમલદારશાહીનું પ્રતિનિધિત્વ કરતો હતો, તે ભાગની આગેવાની લીઆ શાઉ-ચી અને ડેંગ-ઝિયાઓ-પેંગે લીધી હતી.

**સાંસ્કૃતિક ક્રાંતિઃ**

લીઓ શાઉ-ચીની આગેવાની હેઠળનાં સામ્યવાદી પક્ષે ચીનમાં સૌ પ્રથમ ધડાકો કર્યો. આ ધડાકો રાજકિય ક્ષેત્રે નહીં પરંતુ સાંસ્કૃતિક ક્ષેત્રે હતો. આ જુથે ચીનમાં માઓની વિરૂદ્ધમાં ખુલ્લેઆમ શેરી નાટક ભજવ્યું. આ નાટકનું નામ હતુ, “હાઇ જુઇની ઓફિસમાંથી બરતરફી”.

આ નાટક ૧૯૫૯માં વુ-હાન દ્વારા લખવામાં આવ્યું હતું, વુ-હાન ચીનનાં એક મશહુર ઈતિહાસકાર હતા, જે લીઓ શાઉ-ચી જુથ સામે જોડાયેલા હતાં અને પેકિંગનાં મેયર પેંગ-ચેનના ખાસ મિત્ર હતાં. આ નાટકમાં એક દુષ્ટ રાજા દ્વારા પોતાના “સજ્જન” મંત્રીને મનસ્વી રીતે કેવી રીતે બરતરફ કરવામાં આવ્યાં હતા, તેનો ચિતાર આપવામાં આવ્યો હતો. માઓ ત્સે-તુંગે આ નાટકની ટીકા કરતા તારીખ ૨૯-૫-૧૯૬૭નાં રોજ “પિપલ્સ ડેઇલી” નામનાં વર્તમાનપત્રમાં લેખ લખ્યો હતો, જેમાં લખ્યું હતુ: “હાઇ જુઇની ઓફિસમાંથી બરતરફી” નાટકનું હાર્દ બરતરફીમાં જ સમાયેલું છે. ૧૯૫૯માં અમે પેંગ તે-હ્યુઆઇને બરતરફ કર્યાં હતાં. પેંગ તે-હ્યુઆઇ પોતે જ હાઇ જુઇ છે.”

ત્યાર બાદ ૧૯૬૬માં જે સંઘર્ષ છેડ્યો તે ૧૯૬૯ સુધી ચાલ્યો. આ સંઘર્ષ નામ ખાતર “સાંસ્કૃતિક ક્રાંતિ”નાં નેજા હતો, પરંતુ વાસ્તવમાં આ સંઘર્ષ બે પક્ષો વચ્ચે સત્તા હડપવાની લડાઇ હતી. અંતે ડેંગ ઝીયાઓ પેંગના નેતૃત્વવાળા જમણેરી જુથને સત્તા કબ્જે કરવામાં સફળતા મળી અને આખરે વર્ષ ૧૯૭૬માં માઓના અવસાન બાદ ક્રાંતિ ઉપર હંમેશને માટે પડદો પડી ગયો.

**વર્તમાન સ્થિતિઃ**

જમણેરી જુથે રાજ સત્તા હાંસલ કર્યા બાદ એવું કાંઇક કર્યુ જે કરવાની હિંમત મૂડીવાદી દેશોએ પણ કરી ન હતી. ડેંગ ઝીયાઓ પેંગે એક પક્ષિય શાસનવાળુ રાજકીય માળખું ખતમ કર્યુ નહીં. તેનાથી ઉલટું તેણે લાલ ઝંડો ફરકાવવાનું ચાલુ રાખ્યું. ટીયાનાન્મેન સ્કવેરમાં માઓની પ્રતિમા નીચે પણ લાલ ધ્વજ યથાવત્ રાખ્યો, પરંતુ, તેણે ઉત્પાદન સંબંધ બદલી નાખ્યાં.

૧૯૮૮ સુધી ચીનમાં બીન-સરકારી સંસ્થાઓમાં આઠથી વધુ કર્મચારીઓને નોકરી રાખવા અંગે કોઇ કાયદો ન હતો. અલબત્ત ઘણી ખાનગી સંસ્થાઓ સ્થાનિક નેતાઓની સાંઠગાંઠથી આવી પરિસ્થિતિનો ગેરકાયદો ઉઠાવતા હતા અને આવા લોકો “રેડ-કેપ કેપિટાલિસ્ટ” (લાલ ટોપીવાળા મૂડીવાદી) કહેવાતા હતાં. નેવુના દાયકાનાં અંત સુધીમાં આવા લાલ ટોપીવાળા મૂડીવાદીઓ ખુલ્લેઆમ ટોપીઓ પહેરાવતા થઇ ગયા. લઘુ ઉદ્યોગો અને નાની-મોટી સરકારી સંસ્થાઓનું ખાનગીકરણ કરવામાં આવ્યું અને આવી સંસ્થાના મેનેજરો ઘણાં કિસ્સાઓમાં સંસ્થાના માલિક બની ગયા. કૃષિ ક્ષેત્ર સિવાયનાં અન્ય ક્ષેત્રોમાંથી ૫૦% ઉત્પાદન ખાનગી માલિકી હસ્તક આવી ગયું, જેનો એક તૃત્યાંશ જેટલો હિસ્સો પાર્ટીના સભ્યોની માલિકી હસ્તક થઇ ગયો, જેમાં “સિયાહિયા એન્ટરપ્રાઇઝ”નો પણ સમાવેશ થાય છે, જેઓ અગાઉ પક્ષનાં આગેવાનો હતાં મોટાભાગના ઔદ્યોગિક સાહસોનાં માલિકો એવા લોકો જ બન્યા જેમનાં સગા સંબંધી અગાઉ પક્ષનાં આગેવાનો હતો.

તાજેતરનાં આંકડાઓ દર્શાવે છે કે ૧૦૪ કરોડ ડોલરની સંપતિ ધરાવતા 3300 ચીની નાગરિકો પૈકી ૨૯૩૨ નાગરિકો એવા છે જેમાના પિતાઓ અગાઉ પક્ષમાં ઉંચો હોદ્દો ધરાવતા હતા. મોટા ભાગની રાષ્ટ્રીયકૃત સંસ્થાઓનું સંચાલન રાજકિય પરિવારો દ્વારા થાય છે. છેલ્લા કેટલાક દાયકાઓથી ચીનમાં રાજકીય-મેનેજરોનો એક નવો જ વર્ગ ઉભરી આવ્યો છે જેણે સંપતિ ઉપર અંકુશ મેવવી લીધો છે. આમ, આ એક તદ્દન નવા જ પ્રકારની ઈજારાશાહીવાળી રાજસત્તા અસ્તિત્વમાં આવી જે આક્રમક રીતે મૂડીવાદને અને ભ્રષ્ટાચારને વેગ આપ્યો. ચીન સાથે કોઇ પણ દેશનાં આતંરરાષ્ટ્રીય વાણિજ્ય વ્યવહારમાં ચીનની રાજસ્તાની દખલગીરી જોવા મળે છે. ગુપ્ત સોદાઓ અને લાંચ રૂશ્વત પણ મોટા પાયા પર જોવા મળે છે. વર્ષ ૨૦૦૮નાં અંતમાં ચીનનો અત્યંત ધનિક માણસ હુઆંગ ગુઆંગઇની ધરપકડ કરવામાં આવી તી કારણ કે પક્ષનાં આગેવાનોમાં એવો ભય પેસી ગયો હતો કે તેમનાથી પણ વધુ શક્તિસાળી માણસ માથું ઉંચુ કરી રહ્યો હતો.

ચીનમાં જમીનની કિંમત એટલી બધી વધી ગઇ છે કે ત્યાંના જમીન દલાલો બિલ્ડરો વિગેરેએ સ્થાનિક સત્તાધિશો સાથે સાંઠગાંઠ કરીને જુના વિસ્તારોમાં આવેલ જુના રહેણાંક મકાન ઉપર રાતોરાત બુલ્ડોઝર ફેરવી તોડી પાડ્યા છે. સવારે જ્યારે લોકો ઉઠીને પોતાના ઘરની દિવાલ ઉપર જો “ચી” લખેલું જણાય તો સમજી જાય કે મકાનમાં તેમનો આખરી દિવસ છે અને તે કોઇ પણ ક્ષણે તોડી પાડવામાં આવશે અને તેની સામે કોઇ વિરોધ પણ કરી શકશે નહીં અને વળતર પણ માંગશે નહીં.

આજે ચીન માટે અમેરિકન સામ્રાજ્યવાદનો ભય આશીર્વાદરૂપ છે, જ્યારે માઓનું સ્થાન પોતાના જ દેશમાં ફક્ત પ્રતિકરૂપ જ છે. ■

## LEFT ALIGNMENT




**...શુ લોકો BRTSનો ઉપયોગ નથી કરતા? ચાલો આપણે જૂની અને જાણીતી ધાર્મિક લાગણીઓને અજમાવી જોઇએ. ધર્મગુરૂઓને BRTSમાં બેસાડી ફેરવીએ.**

**તંત્રી મંડળ**
રાજેશ માંકડ
નિર્ઝરી સિન્હા
પ્રવિણ મિશ્રા
શ્રીરામ અનંત

પ્રકાશકઃ
**ન્યુ સોશીશ્યાલીસ્ટ મુવમેન્ટ**
૨૦૬, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પિટલ પાસે
એલિસ બ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬, ગુજરાત, ભારત
ફોનઃ +૯૧-૭૯-૨૬૫૭ ૭૨૮૦
ઈ-મેલઃ contact@nsm.org.in

www.nsm.org.in
elaanmonthly.blogspot.com